ગાંધીનગર સમાચાર





## શક્તિપીઠ અંબાજીમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દર્શન કર્યા

ગુજરાતના મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલ આજે સડકમાર્ગે યાત્રાધામ અંબાજી ખાતે આવી પહોંચ્યા હતા. જોકે આનંદીબેનની સાથે તેમના પરીવારનો કાફલો પણ જોડાયો હતો. આનંદીબેન પટેલ અંબાજી મંદિર પહોંચતા કુમકુમ તુલક કરી સ્વાગત કરાયું હતું. જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ ખેસ પહેરાવી આનંદીબેનનું સ્વાગત કરાયું હતું. નીજ મંદિરમાં ભટ્ટજી મહારાજે મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલને પાવડી પુજા સાથે કપુરઆરતી પણ કરાવી હતી. આ પ્રસંગે માતાજીની મૂર્તિ આનંદીબેનને અર્પણ કરાઈ હતી. આનંદીબેન પટેલ માતાજીની ગાદી ઉપર ભટ્ટજી મહારાજના આશીર્વાદ લેવાં પહોંચ્યા હતા. જ્યાં ભટ્ટજી મહારાજે રક્ષા પોટલી બાંધી માતાજીનો પ્રસાદ અર્પણ કર્યો હતો. આ પ્રસંગે આનંદીબેને જણાવ્યું હતું કે આમ તો નવરાત્રી દરમ્યાન માતાજીના દર્શને આવનાર હતા પણ સિક્યુરીટીના પ્રશ્ને ત્યારે ન આવતાં આજે દર્શનાર્થે પધાર્યા હતા અને ગુજરાતમાં આવનારી ચૂંટણીઓમાં ભાજપાનો જલવંત વિજય પ્રાપ્ત થાય તે માટે પણ માતાજીને પ્રાર્થના કરી હતી.

# રાજ્યની રેડક્રોસની શાખાઓને સુંદર કામગીરી માટે પુરસ્કારો અર્પણ કરાયા

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાતની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે માનવ સેવાથી મોટો કોઈ ધર્મ નથી. જરૂરતમંદ નિઃસહાય પીડિતો માટે આ સેવાકાર્ય ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત જે સમર્પિત ભાવનાથી કરી રહી છે, તે સરાહનીય છે. રાજ્યપાલશ્રી આજે રાજભવન ખાતે યોજાયેલ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાતની વાર્ષિક સાધારણ સભાને સંબોધન કરી રહ્યા હતા. આ પ્રસંગે આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત રેડક્રોસ સોસાયટીની પ્રવૃત્તિ દેશભરમાં શ્રેષ્ઠ છે. રાજ્યના સમાજ શ્રેષ્ઠીઓ-દાનવીરોએ આ સેવાભાવી પ્રવૃત્તિમાં તેમનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. ગુજરાતમાં દાન અને સખાવતનો અનન્ય મહિમા રહ્યો છે અને ગુજરાતના લોકોનો સ્વભાવ છે કે સખાવતી પ્રવૃત્તિમાં સહયોગી બનવું. તેમણે રેડક્રોસની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવામાં સહયોગ આપનાર દાનવીરો અને સખાવત કરનાર સામાજિક સંસ્થાઓનો અભિનંદન આપ્યા હતા.

આરોગ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત હંમેશા માનવસેવાના કાર્યોમાં અગ્રેસર રહ્યું છે. ગુજરાત રેડક્રોસ સોસાયટી દુઃખી-પીડિત તથા જરૂરતમંદ લોકોની સેવામાં સમર્પિત ભાવનાથી કાર્ય કરે છે જે પ્રેરણાદાયી છે. સંસ્થાને દાન કરનાર દાનવીરો અને સામાજિક સંસ્થાઓને સહયોગ આપવા માટે તેમણે અભિનંદન આપ્યા હતા. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર અને કેમિકલ્સ લિ. કંપનીના અધ્યક્ષ શ્રી એસ. કે. નંદાએ રાજ્યમાં ચાલતી રેડક્રોસની સેવાઓને બિરદાવી હતી.

આરોગ્ય કમિશનર શ્રી જે.પી. ગુપ્તાએ જણાવ્યું હતું કે સરકારના જન આરોગ્યના કાર્યક્રમમાં રેડક્રોસ સંસ્થાનો સહયોગ પ્રાપ્ત થાય છે. તેમણે સંસ્થાની પ્રવૃત્તિઓનો ઉત્તરોત્તર વિકાસ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.



પ્રારંભમાં સંસ્થાના અધ્યક્ષા શ્રીમતી મધુબહેન નાયક સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ઉપપ્રમુખ શ્રી દીપકભાઈ નરોલાએ સંસ્થાના ૨૦૧૪-૧૫ના વાર્ષિક હિસાબો રજુ કર્યા હતા, જે સર્વાનુમતે મંજૂર કરાયા હતા. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર અને કેમિકલ્સ લિ. કંપનીના અધ્યક્ષ શ્રી એસ. કે. નંદા દ્વારા થેલેસેમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ પ્રશંસનીય કાર્ય માટે રાજ્યપાલશ્રીએ તેમને સન્માનિત કર્યા હતા. આ સિવાય અન્ય સામાજિક કોર્પોરેટ સંસ્થાઓ દ્વારા થેલેસેમિયા નિયંત્રણ કાર્યક્રમ માટે દાન આપવામાં આવ્યું હતું, તેવા દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રી દ્વારા રાજ્યની વિવિધ રેડક્રોસની શાખાઓને નોંધપાત્ર કામગીરી કરવા માટે પણ પુરસ્કૃત કરાઈ હતી. કોષાધ્યક્ષ શ્રી નવનીત તનેજાએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે રાજ્યની રેડક્રોસ શાખાઓના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તથા અગ્રણી તબીબો ઉપસ્થિત રહ્યા હતા.



## પાલનપુર પાલિકા દ્વારા જૂના ગંજ બજાર ખાતે ૪૨ લાખના ખર્ચે નવીન રોડનું કરાયું ખાત મુહૂર્ત

પાલનપુર નગરપાલિકા દ્વારા આજે જુના ગંજ બજાર ખાતે ૪૨ લાખના ખર્ચે નવીન રોડના કામોનું ખાત મુહૂર્ત પાલિકા પ્રમુખ હસમુખ પઢીયારના હસ્તે કરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાય વર્ષોથી જુના ગંજ બજારમાં મુખ્ય રોડ માટીનો હોવાથી દિવસભર વાહન પસાર થવાના કારણે વેપારીઓને ઉડતી ધૂળના લીધે દરરોજની મુશ્કેલી વેઠવી પડતી હતી. જો કે વેપારીઓના લાંબા સમયની રોડ બનવાની માંગણી લીધે પાલનપુર નગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૪૦ લાખના ખર્ચે પાલિકા પ્રમુખ હસમુખ પઢીયારના હસ્તે કરવામાં આવ્યું. વર્ષો જુનો રોડ બનવાનું કામગીરી ભાજપ શાસિત પાલિકામાં શાસનના અંતિમ દિવસે નવીન સીસી રોડની કામગીરી શરૂ થતા વેપારી આલમમાં ખુશી જોવા મળી હતી. તેમજ ગંજ બજાર વેપારીઓએ પાલિકા પ્રમુખ હસમુખ પઢીયારનું ફૂલહારથી સ્વાગત પણ કર્યું હતું. આ પ્રસંગે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ ભાજપ આગેવાન ગીરીશ જગાણીયા, નગર સેવક દિનેશ પંચાલ, દેવેન્દ્ર રાવલ સહિત વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## અંબાજી હિન્દી શાળાના આચાર્યનો વય નિવૃત્ત સન્માન સમારોહ યોજાયો

શ્રી અંબાજી હિન્દી પગાર કેન્દ્ર શાળા, અંબાજીના આચાર્યશ્રી મહિપતભાઈ શંકરલાલ પટેલ તા. ૩૧-૧૦-૨૦૧૫ના રોજ વય નિવૃત્ત થનાર હોઈ તેમની સેવાઓને સન્માનવા આદરણીય મહંતશ્રી વિશ્વંભરદાસ શાસ્ત્રીજીના સાનિધ્યમાં તા. ૧૭ ઓક્ટોબરના અંબાજી ખાતે સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ઉપસ્થિત મહેમાનોએ શ્રી મહીપતભાઈ શંકરલાલ પટેલને શાલ ઓઢાડી, ભેટ અર્પણ કરીને સન્માન કર્યું હતું. મહેમાનોએ પ્રાસંગીક પ્રવચન કરી શ્રી પટેલની સેવાઓને બિરદાવી હતી. શ્રી મહીપતભાઈએ શાળાના બાળકો પ્રત્યે લાગણી તથા જરૂરીયાતને ધ્યાનમાં રાખી ૧૦૦ લીટર પાણીની ક્ષમતાનું સ્ટીલનું વોટર કૂલર શાળાને ભેટ આપ્યું હતું.

## સાયન્સ સેમેસ્ટર પરીક્ષાની તૈયારીને હવે આખરી ઓપ

નવરાત્રી પૂર્ણ થતાજ હવે વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પ્રવાહનો ફિવર છવાયેલો જોવા મળે છે. આગામી ૩૦મી ઓક્ટોબરથી વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આ પરીક્ષા માટેની તમામ તૈયારીઓને તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવ્યા છે. જોકે આ સાથે જ હવે શાળાકક્ષાએ શિક્ષકો, સંચાલકો, સાથે વિદ્યાર્થીઓ પણ પરીક્ષાની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ચાલુ વર્ષે શાળાકીય પરીક્ષાઓ નવરાત્રી પહેલા જ પૂર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે હવે નવરાત્રી પૂર્ણ થતા જ શાળાઓ અને શિક્ષણ બોર્ડ આગામી ૩૦મી ઓક્ટોબરથી લેવામાં આવનાર વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષાની તૈયારીમા લાગી ગયું છે.

## વિચારયાત્રા (૪ પાનાનું ચાલુ...)

(૪ પાનાનું ચાલુ...)

કોઈ પણ સંસ્થા વેઠી શકતી નથી. એ ભાંગી પડે છે. પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઈ પટેલ ગાંધીજીના ડાબા-જમણા હાથ ગણાતા હતા. આઝાદીની લડતમાં એ બંને ગાંધીજી સાથે અડીખમ ઊભા રહ્યા. અંગ્રેજોને દેશવટો આપ્યો ત્યાં સુધી એ બંનેએ જબરદસ્ત શક્તિ અને સંયમ જાળવી રાખ્યો, પરંતુ સ્વતંત્રતા પ્રાપ્ત થતાંની સાથે જ શાસન કરવાની લાલસા અનુભવે છે. એ ઝીણી ઝીણી આંતરિક લાલસા ઉતાવળી થાય છે અને સંયમ ગુમાવે છે. દેશના ભાગલા અંગેનો અણગમતો અને અણછાજતો નિર્ણય સ્વીકારી લેવાય છે. કમ કે કમ અંગ્રેજો ચાલ્યા જાય ત્યાં સુધી ધીરજ રાખવાનું ગાંધીજી કહેતા હતા. ધીરજ જાળવી હોત તો ભાગલા ના પડત! ભાગલા થાત તોપણ એમાં થોડુંક વાજબીપણું હોત અને જેટલી થઈ એટલી ખૂનામરકી થઈ ન હોત. બંને તરફના લોકોને રાતોરાત ઉચાળા ભરીને ભાગવું પડયું ન હોત! સમજૂતીપૂર્વકનું આવાગમન થઈ શક્યું હોત તો શરણાર્થીઓને ઠારે પાડવાની વિષય સમસ્યા થોડીક હળવી થઈ હોત. પણ કદાચ એવું શક્ય ન બન્યું હોત. સ્વસ્થ રીતે વિચારવાનો સમય જ રહ્યો નહોતો. દેશભરમાં કોમી હિંસા ભભૂકી ઠી હતી અને સત્તાલાલસાએ કોંગ્રેસ અને સમગ્ર જનતાએ કેળવેલું ટીમવર્ક હચમચાવી નાખ્યું હતું. હિંસાને રોકી શકે એવું સામૂહિક બળ ક્યાંય જોવા મળ્યું નહીં. અહિંસાના પુજારી કહેવાતા ખુદ ગાંધીજીને પણ હિંસા ભરખી જાય છે.

ખેર! જે તે વખતે જે થવાનું હતું તે થઈ ગયું, હવે શું? દેશની એકતા અને અખંડિતતા માટે કામ કરે એવું પ્રભાવશાળી સુગ્રથિત સંગઠન આપણી પાસે નથી. સામે છેડે ભાગલાવાદી પરિબળો સંગઠિત થતાં જાય છે. એમાં વાચાળ અને બોલકાં લોકોની સંખ્યા વધતી જાય છે. એ વાચાળતા ફાવે ત્યાં ઝેર ઓકતી ફરે છે. દેશને તોડવાનાના ચાળા ચારે બાજુથી થઈ રહ્યા છે અને આપણે સૌ કોઈ એકાદ ગાંધીની રાહ જોઈને બેઠા છીએ.

'સુનો! યહીં કહીં આંધી કે પાંવ બજતે હૈં,
અભી બિખરના મુનાસિબ નહીં, સિમટ જાઓ.'

- jayuoza@gmail.com

## કંપની સમાચાર

### મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડસ ૨૨ નવા શૉરૂમ ખોલીને ૨૨મી એનિવર્સરી ઉજવશે

મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડસે તેની ૨૨મી એનિવર્સરીના પ્રસંગે આગામી છ મહિનામાં ભારત, જીસીસી અને દૂર પૂર્વમાં વધુ ૨૨ નવા શૉરૂમ ખોલવાની જાહેરાત કરી છે. વિસ્તરણ યોજના મારફતે મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડસ તેનું રિટેલ નેટવર્ક ૧૩૫ સ્ટોર્સમાંથી ૧૫૫ આઉટલેટ્સ સુધી વધારશે, જે દુનિયામાં સૌથી વધુ પસંદગીના જ્વેલરમાંના એક જ્વેલર તરીકે તેની સ્થિતિને મજબૂત કરશે. આ દર વર્ષ ૨૦૨૦ સુધીમાં તેના આઉટલેટ્સની સંખ્યા ૩૦૦ થઈ જશે.

વડાપ્રધાનના નવીન કાર્યક્રમ 'મેક ઈન ઈન્ડિયા'ને અનુરૂપ ગ્રુપ કેરળમાં કેઈન્ફ્રા ખાતે ઉત્પાદન સુવિધાનું વિસ્તરણ કરવાની અને ગુજરાત, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશ જેવા વિવિધ રાજ્યોમાં અત્યાધુનિક સિસ્ટમ અને ટેકનોલોજી સાથે વધુ ઉત્પાદન એકમો સ્થાપિત કરવાની અને લગભગ ૫૦૦૦ કુશળ કારીગરોને રોજગારી આપવાની યોજના ધરાવે છે. ગ્રુપ મુંબઈમાં ડાયમન્ડ ઉત્પાદન એકમ લોંચ કરવાની તૈયારી પણ કરે છે.

મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડસ આ ઉત્પાદન એકમો મારફતે સમગ્ર દુનિયામાં હાથ કારીગરીની જ્વેલરી અને કિંમતી ભેટસોગાદો ભારતીય બ્રાન્ડ તરીકે રજુ કરવાનો આશય ધરાવે છે, જે ભારતીય કારીગરોની વિશિષ્ટ કુશળતાને પ્રતિબિંબિત કરે છે. યુએઈ સરકાર સાથે જોડાણમાં મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડસ દુબઈમાં ૫ એકરમાં અત્યાધુનિક શૉ નું ઉત્પાદન એકમનું નિર્માણ કરે છે.

### આજે ઈન્ટરગ્લોબ એવિએશન લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ ખુલશે

ઈન્ટરગ્લોબ એવિએશન લિમિટેડ ("કંપની" અથવા "ઈશ્યૂઅર") શેર પ્રીમિયમ સહિત રોકડમાં શેરદીઠ રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")ના પબ્લિક ઈશ્યનો ૨૭ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. આ ઈશ્યૂમાં રૂ. ૧૨,૭૨૨ મિલિયન (રૂ. ૧,૨૭૨.૨ કરોડ) ("ફ્રેશ ઈશ્યૂ") અને ૨૨,૮૨૪,૦૧૮ ઈક્વિટી શેર સુધીની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે, જેમાં ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝઈસ લિમિટેડના ૩,૨૯૦,૪૧૯ ઈક્વિટી શેર; શ્રી રાહુલ ભાટિયાના ૩,૦૦૬,૦૦૦ ઈક્વિટી શેર; શ્રી રાકેશ ગંગવાલના ૨,૭૧૪૧,૨૮૭ ઈક્વિટી શેર; શ્રી અનિલ ચનાનાનાં ૬૦૧,૨૦૦ ઈક્વિટી શેર; ડૉ. આશા મુખરજીના ૧,૪૯,૯૦૦ ઈક્વિટી શેર; શ્રી કુણાલ ચનાનાના ૩૦૦,૬૦૦ ઈક્વિટી શેર; શ્રી ન્યૂટન બ્રુસ એશબીના ૬,૦૧૨,૦૦૦ ઈક્વિટી શેર; શ્રી સંજય કુમારના ૧૦૦,૨૦૦ ઈક્વિટી શેર; શ્રી શક્તિ સ્વરૂપ લુમ્બાના ૮૪,૦૦૦ શેર; કુ. શોભા ગંગવાલના ૧,૧૬૯,૧૪૨ ઈક્વિટી શેર; શ્રી સ્ટીવન યુજેન હાફર્સ્ટના ૧,૪૪૨,૦૦૦ ઈક્વિટી શેર; પોલ કાર્લ સ્કોર, (જીફાઈવ ઈન્વેસ્ટમેન્ટના નોમિની)ના ૧,૫૦૩,૦૦૦ ઈક્વિટી શેર અને ધ ચિન્કરપૂ ફેમિલી ટ્રસ્ટ (ટ્રસ્ટી : કુ. શોભા ગંગવાલ એન્ડ જે.પી. મોર્ગન ટ્રસ્ટ કંપની ઓફ ડેલવર)ના (સંયુક્તપણે "સેલિંગ શેરહોલ્ડર'. તરીકે ઉલ્લેખ કરાયો છે) ("ઓફર ફોરસેલ") ૨,૪૨૪,૨૭૦ ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. ફ્રેશ ઈશ્યૂ અને ઓફર ફોરસેલનો સંયુક્તપણે "ઈશ્યૂ" તરીકે ઉલ્લેખ કરાયો છે.






## બટાકાનું ઉત્પાદન વધારવા મોડાસાના ખેડૂતોનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રો પરંપરાગત ખેતીનો ત્યાગ કરી દર વર્ષે ખેતી વિષયક નિતનવા રોકડીયા પાક અને બાગાયતી પાકોનું વાવેતર કરી મબલખ ઉત્પાદન મેળવી સમૃદ્ધિમાં વધારો કરી રહ્યા છે. જિલ્લાના ભૂમિપુત્રો દ્વારા બટાકાની વાવણી તરફ દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. અરવલ્લી જિલ્લાના ખેડૂતો બટાકાના ઉત્પાદનમાં બનાસકાંઠાના ખેડૂતોના પગલે ચાલી રહ્યા છે. સરદાર કૃષિ દાંતીવાડા કૃષિ યુનિ. અને ટાટા કેમીકલ્સના સંયુકત ઉપક્રમે મોડાસાના ડિસ્ટ્રીબ્યુટર્સ એમ.એસ. એગ્રોના સહયોગથી જિલ્લાના અત્યાધુનિક અરવલ્લી કોલ્ડ સ્ટોરેજ ખાતે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લાના લાખો મણ બટાકા પકવતા ખેડૂતો વધુને વધુ બટાકા ઉત્પાદન કરી શકે તેવા પ્રયત્નો હાથ ધરાયા હતા. ખેતીમાં કંઈક નવું કરવા માટે જિલ્લાના બટાકાની ખેતી કરી જિલ્લાના ખેડૂતોને સરદાર કૃષિ યુનિ.ના વિસ્તરણ નિયામક ડૉ. કનુભાઈ ઠક્કર, ડૉ. રણછોડ પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. આર.એન. પટેલ મૂલ્યવર્ધન તજજ્ઞ ડૉ. વી.એ. કણબી અને ટાટા કેમીકલ્સના મેનેજર સંતોષકુમાર ત્રિવેદીએ ઉપસ્થિત રહી ખેડૂતોને વાવણીથી માંડી જરુરી બિયારણ, ખાતરનો સમયાંતરે ઉપયોગ કરવા અને પાકમાં ફેલાતા રોગ ઉપર નિયંત્રણ અંગે જાણકારી આપી હતી.

## ભૂકંપથી ધ્રુજ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાની લોકોએ વાત કરી હતી. શ્રીનગરમાં રહેતા લોકોએ કહ્યું હતું કે, ઈમારતો હચમચી ઉઠી હતી. આની સાથે જ વર્ષ ૨૦૦૫માં આવેલા વિનાશકારી ભૂકંપની યાદ તાજી થઈ ગઈ હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન વિભાગે માહિતી આપતા કહ્યું હતું કે, હિન્દુકુશ પહાડી વિસ્તારમાં કેન્દ્ર હોવા છતાં માઠીઅસર થઈ હતી. હિન્દુકુશ પહાડી ભૂકંપને લઈને ખૂબ જ સંવેદનશીલ છે. બીજીબાજુ વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ભૂકંપ બાદ નુકશાન થયું છે કે કેમ તેની ખાતરી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાનને મદદ કરવાની ઓફર પણ કરવામાં આવી હતી. મોદીએ તરત જ ટ્વીટર ઉપર કહ્યું હતું કે, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં પ્રચંડ ભૂકંપ આવ્યો છે, જેની અસર ભારતમાં પણ થવા પામી છે. તેઓ તમામની સુરક્ષા માટે પ્રાર્થના કરે છે. વડાપ્રધાને કહ્યું હતું કે, તરત જ નુકશાનની સમીક્ષા કરવામાં આવી રહી છે. જરૂરવાળા લોકોની મદદ કરવામાં આવશે. અધિકારીઓએ કહ્યું હતું કે, શ્રીનગરથી ૫૫ કિલોમીટરના અંતરે સોપોરમાં ભૂકંપની અસરથી બંકરને નુકશાન થયું હતું. જુદા જુદા રાજ્યોમાં રહેતા લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. બચાવ અને રાહત કામગીરીની ટુકડીઓ પણ સાવધાન થઈ ગઈ હતી. મળેલી માહિતી મુજબ, બચાવ અને રાહત કામગીરી માટે પણ ટીમોને વધારે અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી હતી. જોકે, નુકશાન ભારતમાં ટળી ગયું છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ભારે તબાહી મચેલી છે.

## છોટા રાજન

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું. ૫૫ વર્ષીય રાજન બે દશકથી ફરાર હતો. ઈન્ટરપોલે તેને ૧૯૯૫માં વોન્ટેડ શખ્સ તરીકે જાહેર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ગઈકાલે કેનબેરા પોલીસથી માહિતી મળી હતી. હત્યારા અંગે રેડ નોટિસ અંગે માહિતી મળી હતી. ગઈકાલે જ તેની ધરપકડ કરાઈ હતી. અમને એવું જાણવા મળ્યું છે કે આ શખ્સે ભારતમાં ૧૫થી ૨૦ હત્યા કરી છે. બાલી પોલીસે ઈન્ટરપોલ અને ભારતીય સત્તાવાળાઓ સાથે સંકલન કરવાની વાત કરી છે. તેને ભારત લાવવામાં આવે તેવી પણ શક્યતા છે. કેનબેરામાં ઈન્ટરપોલે ઈન્ડોનેશિયન સત્તાવાળાઓને સાવધાન કર્યા હતા. ભારતીય સત્તાવાળાઓ તરફથી વિનંતી બાદ આ સફળતા મળી છે. ફેડરલ પોલીસે કહ્યું છે કે, નિખાલજે અન્ય ઓળક સાથે ઓસ્ટ્રેલિયામાં રહેતો હતો. ઈન્ટરપોલની વેબસાઈટમાં નિખાલજેનો જન્મ મુંબઈમાં દર્શાવાયો છે.

## શહેરમાં ફફડાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દોડધામ મચી જવા પામી હતી. બપોરના સમયે આંચકોની અસરથી સચિવાલય સંકુલના હાઈરાઈઝ બિલ્ડીંગમાં આંચકાની પલવાર માટે અસર વર્તાઈ હતી. જેના પરિણામે કર્મચારીઓ બે ઘડી ભયાના લીધે કચેરી છોડી બહાર દોડી આવ્યા હતા.શહેરના સે ૧૧માં સ્થિત મેઘમલ્હાર, અભિષેક, સુમન ટાવર સહીતના હાઈરાઈઝ બિલ્ડીંગો પણ ધ્રુજી ઉઠયા હતા. જેના લીધે સફાળા જાગેલા વેપારીઓ બિલ્ડીંગ નીચે દોડી આવ્યા હતા.ભૂકંપ આવ્યોના અનુભવથી ભયનો માહોલ સર્જાયો હતો. ન્યુ ગાંધીનગરમાં પણ રહેણાંકના ફલેટ ઉપરાંત હાઈરાઈઝ બિલ્ડીંગોમાં પણ નાગરિકોએ આંચકાની અસર અનુભવી હતી. ધરતીકંપ આવ્યો હોવાની જાણ થતાં રહીશો બહાર દોડી આવ્યા હતા. ધરતીકંપની અસર મોટાભાગે હાઈરાઈઝ બિલ્ડીંગમાં જ થઈ હોવાથી રહેણાંક વિસ્તારમાં આંચકાની અસર વર્તાઈ ન હતી. દિવસ દરમિયાન ધરતીકંપનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન રહયો હતો. વર્ષમાં ત્રીજીવાર નગરજનોએ ધરતીકંપનો હળવો આંચકો અનુભવ્યો હતો જો કે હાઈરાઈઝ બિલ્ડીંગ સિવાયના રેહણાંકમાં રહીશો આંચકાથી અજાણ હતા. અલબત્ત પલવાર માટે ધરતી ધ્રુજતા તોતિંગ બિલ્ડીંગોમાં જ આંચકાની અસર અનુભવાઈ હોવાનુ પણ ચર્ચા સ્થાને રહયુ હતુ.

## સાતમા આસમાને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કમિટીના ચેરમેન શ્રી રાકેશ પટેલ સહિત મોટાભાગના કાઉન્સીલરોએ રોષ વ્યક્ત કર્યો હોવાનું જાણવા મળેલ છે.

આજે કોંગ્રેસના કાઉન્સીલરોનું પ્રતિનિધિ મંડળ પુનઃ આજ મુદ્દાને લઈ કમિશનરને મળ્યું હતું. કમિશનરશ્રીએ ટેન્ડર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની તેમજ નિયત સમય મર્યાદામાં જ કામો પૂર્ણ થશે તે જોવાની ખાત્રી આપી હોવાનું જાણવા મળેલ છે.

## અનોખો સંયોગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૬મી તારીખ અને તે દિવસે બનતી દુર્ઘટનાઓએ ભારે ચર્ચા જગાવી છે. ૨૬મી તારીખ અને વિશ્વમાં સર્જાયેલી વિવિધ ઘટના-દુર્ઘટનાઓનો સંયોગ જોઈએ તો ચીન ભુકંપ ૨૬મી જુલાઈ-૧૯૭૬, ગુજરાત ભૂકંપ ૨૬મી જાન્યુઆરી-૨૦૦૧, હિન્દ મહાસાગરમાં આવેલી સુનામી ૨૬મી જાન્યુઆરી-૨૦૦૪, મુંબઈ પર આતંકી હુમલો ૨૬મી નવેમ્બર, નેપાલ ભૂકંપ ૨૬મી એપ્રિલ-૨૦૧૫ અને હવે ૨૬મી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ અફઘાનિસ્તાન-પાકિસ્તાનની બોર્ડર આવેલો ભૂકંપ આ સંયોગ અંગે સામાન્ય જનને વિચારતા ચોક્કસ કરી દે છે.

આજે આવેલા ભુકંપ બાદ આ સંયોગ અંગે ઠેર ઠેર ચર્ચાઓ થતી જોવા મળી હતી. ૨૬મી તારીખે વિશ્વમાં કઈ કઈ દર્ઘટનાઓ બની તે અંગેના વોટ્સએપ મેસેજ આજે આવેલા ભુકંપ બાદ ફરતા થયા હતા. સચિવાલય સહિતના હાઈરાઈઝ બિલ્ડીંગમાં આજે આ ભુકંપની અસર અનુભવાતા લોકોમાં ગભરાટ જોવા મળ્યો હતો.

## પંચ દ્વારા સમીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચકાસણી પણ સમય મર્યાદામાં પૂર્ણ કરવા તેમજ ચૂંટણી સંબંધિત કર્મચારીઓને ફરજ સોંપણીનું કામ પણ ઝડપથી પૂર્ણ કરવા માટે તાકીદ કરી છે.

પંચે ચૂંટણીઓ જાહેર થયા બાદ આજે પ્રથમવાર સર્વગ્રાહી સમીક્ષા કરી ૧૫ જેટલા મુદ્દાઓની માર્ગદર્શિકા આપી તાત્કાલિક સમય મર્યાદામાં જ કામગીરીનો આગ્રહ સેવ્યો છે.